Letter No: SJED/0695/07/2024 Dt: 02-08-2024

ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન, જામનગરના રીનોવેશન કામોની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/0560/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૮/૨૦૨૪

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો તા.૧૩/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૪/૪૯૯-૫૦૨

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યમાં જિલ્લા મથકો ખાતે આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૩/૦૨/૨૦૨૪ના પત્રથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન,જામનગરના રીનોવેશનના કામો માટે રૂ.૨૩.૬૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વક વિચારણાને અંતે, ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન,જામનગરના રીનોવેશનના કામો માટે રૂ.૨૩.૬૦/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આથી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના અંતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક – ૯૫ આયોજન, મુખ્ય સદર ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા સદર ૦૧ - અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૮૦૦ - અન્ય ખર્ચ, પેટા સદર - ૧૦, SCW-20 ડૉ.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૧૮/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના માન.રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

02/08/24

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

સા.ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
તારીખ : 02/08/2024
નંબર........
સહી........

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.જામનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.

Signature valid
Signed by:Santoshkumar Sureshbhai Vasava
Section Officer
Date: 2024.08.02 17:04:18 +05:30

Letter No: SJED/0695/07/2024 Dt: 02-08-2024

- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪

Signature valid
Signed by:Santoshkumar Sureshbhai Vasava
Section Officer
Date: 2024.08.02 17:04:18 +05:30